# પ્રધાનમંત્રી G7 શિખર સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી માર્ક કાર્નીને મળ્યા

18 જૂન, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કાનાનાસ્કિસ, આલ્બર્ટામાં G7 શિખર સંમેલન દરમિયાન કેનેડાના પ્રધાનમંત્રી, મહામહિમ શ્રી માર્ક કાર્ની સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

2. કેનેડાની તાજેતરની સામાન્ય ચૂંટણીઓ પછી પ્રધાનમંત્રી કાર્નીએ પદભાર સંભાળ્યો ત્યાર બાદ બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ વ્યક્તિગત વાતચીત હતી. આ બેઠકે બંને પક્ષોને ભારત-કેનેડા સંબંધોની વર્તમાન સ્થિતિ અને ભવિષ્ય વિશે સ્પષ્ટ અને ખુલ્લા વિચારો સાથે ચર્ચા કરવાનો અવસર પ્રદાન કર્યો.

3. નેતાઓએ શેર કરેલ લોકશાહી મૂલ્યો, કાયદાના શાસનના સન્માન અને સંપ્રભુતા તેમજ ક્ષેત્રીય અખંડતાના સિદ્ધાંતોને જાળવી રાખવાની પ્રતિબદ્ધતાના આધારે, ભારત-કેનેડા સંબંધોના મહત્વ પર ભાર આપવામાં આવ્યો. તેઓએ ચિંતાઓ અને સંવેદનશીલતાઓ માટે એકબીજા માટે સન્માન, લોકોથી લોકોના પરસ્પર સંબંધો અને વધતી આર્થિક પૂરકતાઓ પર આધારિત રચનાત્મક અને સંતુલિત ભાગીદારીને આગળ વધારવાની આવશ્યકતા પર ભાર આપ્યો. આ સંદર્ભમાં, બંને પક્ષો સંબંધોમાં સ્થિરતા જાળવવા માટે સંતુલિત અને રચનાત્મક પગલાં ભરવા માટે સહમત થયા અને તેની શરૂઆત એકબીજાની રાજધાનીમાં ઉચ્ચાયુક્તો બહુ જલદી પાછા નીમવાથી થશે.

4. નેતાઓએ વિશ્વાસનું પુનર્નિર્માણ કરવા અને સંબંધને ગતિ આપવા માટે વિવિધ ક્ષેત્રોમાં વરિષ્ઠ મંત્રીસ્તરીય તેમજ કાર્ય-સ્તરીય  સંલગ્નતાઓને ફરીથી શરૂ કરવાના મહત્વને રેખાંકિત કર્યું.

5. નેતાઓએ સ્વચ્છ ઉર્જા, ડિજિટલ પરિવર્તન, કૃત્રિમ બુદ્ધિમત્તા, LNG, ખાદ્ય સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજો, ઉચ્ચ શિક્ષણ, ગતિશીલતા અને મજબૂત આપૂર્તિ  શ્રૃંખલા જેવાં ક્ષેત્રોમાં ભવિષ્યમાં સહયોગ માટેની તકોની ચર્ચા કરી. તેમણે સ્વતંત્ર અને ખુલ્લા હિંદ-પ્રશાંતને પ્રોત્સાહન આપવામાં પોતાની રુચિ વ્યક્ત કરી. નેતાઓએ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) માટે માર્ગ મોકળો કરવા માટે, પ્રારંભિક પ્રગતિ વેપાર કરાર (EPTA) પર અટકેલી વાટાઘાટો ફરી શરૂ કરવાના મહત્વ પર પણ ચર્ચા કરી. તેમણે આ સંબંધમાં આગળ વધવા માટે પોત-પોતાના અધિકારીને કાર્ય સોંપવા પર સહમતિ વ્યક્ત કરી.

6.  બંને નેતાઓએ સ્વિકાર્યું કે G7 શિખર સંમેલનમાં મહત્વપૂર્ણ પ્રગતિ થઇ છે અને જળવાયુ કાર્યવાહી, સમાવેશી વિકાસ અને ટકાઉ વિકાસ જેવી વૈશ્વિક પ્રાથમિકતાઓ પર રચનાત્મક રીતે સાથે મળીને કામ કરવાની સહિયારી ઇચ્છા વ્યક્ત કરી.

7. નેતાઓએ બંને દેશો વચ્ચે ગાઢ લોકોથી લોકોના પરસ્પર સંબંધો અંગે ઉલ્લેખ કરતાં પરસ્પર લાભ માટે આ જીવંત સેતુનો ફાયદો ઉઠાવવા પર સહમતિ વ્યક્ત કરી.

8. બંને નેતાઓએ એકબીજાના સંપર્કમાં રહેવા અંગે સહમતિ વ્યક્ત કરી અને બહુ જલદી ફરી મળવાની આશા વ્યક્ત કરી.

કાનાનાસ્કિસ

17 જૂન, 2025